**રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ–૨૦૦૫ અન્વયે ગુજરાત રાજય માહિતી પંચની રચના માટે જરૂરી મહેકમ મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક : વહસ–૧૦૦૫–૨૨૪૧–આર.ટી.આઈ.સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– [illegible]05

**આમુખ :–**

" રાઈટ ટુ ઈન્ફોર્મેશન એક્ટ–૨૦૦૫" અંગેનો ખરડો સંસદના બંને ગૃહોમાં પસાર થયેલ છે અને તેને તા. ૧૫–૦૬–૨૦૦૫ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળેલ છે. તેમજ તા. ૨૧–૦૬–૨૦૦૫ના રોજ ભારતના રાજપત્રમાં પ્રસિધ્ધ પણ થયેલ છે. પ્રસ્તુત કાયદાની કલમ ૧૫ (૧) હેઠળ " ગુજરાત રાજય માહિતી પંચ" ની રચના કરવાની હોઈ, (૧) રાજય મુખ્ય માહિતી કમિશ્નર અને (૨) રાજય માહિતી કમિશ્નરોની નિમણૂંક આપી રાજય માહિતી પંચની રચના કરવાની રહે છે, તે માટે જરૂરી મહેકમ મંજૂર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :–**

આથી સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે હાલના તબક્કે " ગુજરાત રાજય માહિતી પંચ" માટે નીચે મુજબનું મહેકમ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | રાજય મુખ્ય માહિતી કમિશ્નર | ૧ જગ્યા | ચૂંટણી કમિશ્નરને ચૂકવવાપાત્ર પગાર ભથ્થાં મુજબ. |
| ૨ | રાજય માહિતી પંચના સચિવ (નાયબ સચિવ કક્ષાના) | ૧ જગ્યા | રૂા. ૧૨૦૦૦–૧૬૫૦૦ (પ્રતિનિયુકિતથી ભરવી) |
| ૩ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૧ | ૧ જગ્યા | રૂા.૬૫૦૦–૧૦૫૦૦ (પ્રતિનિયુકિતથી ભરવી) |
| ૪ | અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨ | ૧ જગ્યા | રૂા.૫૫૦૦–૯૦૦૦ (પ્રતિનિયુકિતથી ભરવી) |
| ૫ | નાયબ સેકશન અધિકારી | ૧ જગ્યા | રૂા.૫૫૦૦–૯૦૦૦ (પ્રતિનિયુકિતથી ભરવી) |
| ૬ | કલાર્ક | ૨ જગ્યા | રૂા. ૨૫૦૦/– ફીકસ પગારથી |
| ૭ | પટાવાળા | ૩ જગ્યા | પ્રાઈવેટ એજન્સી પાસેથી (LIKE IN CASE OF G.S.F.S.) |

૨. આ અંગેના ખર્ચ માટે જરૂરી બજેટ હેડની મંજૂરી મળ્યેથી તે પૂરતા વિધિવત હુકમ પછીથી કરવામાં આવશે.

૩. સદર " રાજય માહિતી પંચ" નું વડુ મથક ગાંધીનગર રહેશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૨૦-૯-૨૦૦૫ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પ્રદિપ પારેખ)**
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- * માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટ, માન. મંત્રીશ્રી કાયદો, ન્યાયતંત્ર, આ.પ.ક., વૈધાનિક અને સં.બા., સ્વૈ. સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજ. પ્રભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (વસુતાપ્ર) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.

---

* પત્ર દ્વારા